**Icici બેન્કના CDMમાં જમા કરાયેલી નકલી નોટોના ગુનાનો ભેદ ઉકેલાયો**

# SOG દ્વારા ભારતીય ચલણની ડુપ્લિકેટ રૂ.૨૦૦ની ૬૦ નોટો સાથે નિરવ ઝડપાયો

**સ્વિગી** કેશ-ઓન-ડિલિવરીના પેમેન્ટથી મળ્યો મહત્વનો ક્લૂ, FSLની પ્રાથમિક તપાસમાં ડુપ્લીકેટ હોવાનું બહાર આવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા શહેર એસઓજીએ વર્ષો જૂના અનડિટેક્ટ કેસનો ભેદ ઉકેલી ભારતીય બનાવટની ડુપ્લીકેટ ચલણી નોટો સાથે એક આરોપીની ધરપકડ કરી છે. ICICI બેંકના CDM મશીનમાં જમા કરાયેલી નકલી નોટોના આધારે ટેક્નિકલ અને હ્યુમન સોર્સની મદદથી તપાસ કરતાં આરોપી નિરવ મેહતા સુધી પોલીસ પહોંચી હતી. તેની પાસેથી રૂ.200ની 60 શંકાસ્પદ ડુપ્લીકેટ ચલણી નોટો મળી આવી હતી.

ગત 14 ફેબ્રુઆરી, 2026ના રોજ ICICI બેંકની વાઘોડિયા રોડ શાખાના CDM મશીનમાં સ્વિગીના એકાઉન્ટમાં રૂ.1,700 રોકડ જમા કરાવવામાં આવ્યા હતા. જેમાંથી રૂ.200ની ભારતીય ચલણની સાત નોટો મશીન દ્વારા નકલી હોવાનું ઓળખી રિજેક્ટ કરવામાં આવી હતી. આ અંગે બેંક મેનેજરની ફરિયાદના આધારે ડીસીબી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાઈ તપાસ એસઓજીને સોંપવામાં આવી હતી.



એસઓજીએ સ્વિગીના કેશ-ઓન-ડિલિવરી ઓર્ડરોની વિગતવાર તપાસ કરી હતી. ડિલિવરી કરનાર રાઈડરો, ગ્રાહકો અને પેમેન્ટની વિગતોની ચકાસણી દરમિયાન સાહિત્ય ગ્રીન ફ્લેટમાં રહેતા ગ્રાહક પાસેથી માહિતી મળી કે ઓર્ડરના રોકડ રૂપિયા નિરવ પ્રભુલાલ મેહતાએ આપ્યા હતા.

ત્યારબાદ પોલીસે નિરવ મેહતાની પૂછપરછ કરી તેના નિવાસસ્થાને તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન રૂ.200ની 60 શંકાસ્પદ ભારતીય બનાવટની ડુપ્લીકેટ ચલણી નોટો મળી આવી હતી. તપાસમાં કબજે કરાયેલી નોટોમાંથી 18 નોટોના સીરિયલ નંબર CDMમાંથી મળી આવેલી નકલી નોટો સાથે મેળ ખાતા હોવાનું સામે આવ્યું હતું.

સ્થળ પર બોલાવાયેલા FSLના વૈજ્ઞાનિક અધિકારીઓએ પ્રાથમિક પરીક્ષણમાં તમામ 60 નોટો ડુપ્લીકેટ હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ એસઓજીએ નિરવ પ્રભુલાલ મેહતાની ધરપકડ કરી હતી.

પોલીસે આરોપી પાસેથી ડુપ્લીકેટ ચલણી નોટો ઉપરાંત એક ઓપો મોબાઈલ ફોન પણ તપાસ અર્થે કબજે કર્યો છે. હાલ પોલીસ આરોપીને આ નકલી ચલણી નોટો કોણે આપી અને તેની પાછળનું સમગ્ર નેટવર્ક બહાર લાવવા વધુ તપાસ ચલાવી રહી છે.

## યુવક નેતૃત્વ અને યોગાસન તાલીમ શિબિર યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4

રાજ્ય સરકાર દ્વારા 15થી 35 વર્ષની વયના વિદ્યાર્થી તેમજ બિનવિદ્યાર્થી યુવક-યુવતીઓ માટે જિલ્લા કક્ષા યુવક નેતૃત્વ અને યોગાસન તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ચાર દિવસીય આ શિબિરનો હેતુ યુવાનોમાં નેતૃત્વ ક્ષમતા, વ્યક્તિત્વ વિકાસ અને યોગ પ્રત્યે જાગૃતિ લાવવાનો છે.

શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ જિલ્લા યુવા વિકાસ અધિકારી, વડોદરા ગ્રામ્ય/શહેરની કચેરીમાંથી નિયત અરજીપત્રક મેળવી જરૂરી દસ્તાવેજો સાથે ભરવાનું રહેશે. અરજી ફોર્મ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ફૂડ એન્ડ ડ્રગ્સ લેબોરેટરી (જૂની બિલ્ડિંગ), ગ્રાઉન્ડ ફ્લોર, પોલિટેકનિકની બાજુ, મેઈન રોડ, વડોદરાથી મેળવી શકાશે. તમામ અરજદારોને 11 જુલાઈ, 2026 સુધીમાં અરજીપત્રક જમા કરાવવા જિલ્લા યુવા વિકાસ અધિકારીએ અનુરોધ કર્યો છે.

**વાઇબ્રન્ટ ગુજરાત રીજીનલ કોન્ફરન્સમાં ડૉ. મંગલા ચૌહાણનું વક્તવ્ય**

# યુવા ઉદ્યોગકારોએ વૈશ્વિક દ્રષ્ટિકોણ રાખીને વ્યવસાયની શરૂઆત કરવી

**હંમેશા** મોટા સ્વપ્નો, મોટી દ્રષ્ટિ અને મોટા લક્ષ્યો સાથે આગળ વધો

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા ખાતે યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત રીજીનલ કોન્ફરન્સમાં ગિફ્ટ સીટી : ભારતનું આંતર રાષ્ટ્રીય નાણાંકીય પ્રવેશ દ્વાર વિષય પર ખાસ ચર્ચા સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બરોડા મેનેજમેન્ટ એસોસિયેશનના પ્રેસિડેન્ટ ડૉ. મંગલા ચૌહાણને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેઓએ યુવા ઉદ્યોગકારોને સંબોધતા જણાવ્યું કે, હિંમત વિના કોઈપણ કાર્ય સફળ નથી બનતું. નવો વ્યવસાય શરૂ કરો ત્યારે મોટું વિચારવાની હિંમત અને વૈશ્વિક દ્રષ્ટિકોણ રાખો. તમારી કંપનીને નફો કરે છે ત્યા સુધી મર્યાદિત ન રાખી દેશના જીડીપીમાં અને વૈશ્વિક વિકાસમાં તેનું યોગદાન રહે તેવો લક્ષ્ય રાખો. આ સાથે હંમેશા




મોટા સ્વપ્નો, મોટી દ્રષ્ટિ અને મોટા લક્ષ્યો સાથે આગળ વધો. મોટું વિચારો, સમયથી આગળ વિચારો. ગિફ્ટ સિટી એ જ વિચારધારાનું પ્રતીક છે.

જે વિશે માહિતી આપતા બરોડા મેનેજમેન્ટ એસોસિયેશનના પ્રેસિડેન્ટ ડૉ. મંગલા ચૌહાણે જણાવ્યું હતું કે, ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ-સિટી) ખાતે આંતરરાષ્ટ્રીય સ્તરની બેંકિંગ, વીમા, મૂડીબજાર અને નાણાકીય સેવાઓ ઉપલબ્ધ છે. વડોદરા એ ગુજરાતનું હૃદય છે તો ગિફ્ટ સીટી ગ્લોબલ માર્કેટનું એક્સેસ છે. જેથી યુવાઓને ગિફ્ટ સિટીની મુલાકાત લઈને વ્યવસાય ક્ષેત્રે તેમનો ઉદ્દેશ નક્કી કરવો જોઈએ. ગિફ્ટ સિટી માત્ર એક શહેર નથી, પરંતુ નાણાકીય સેવાઓ, આધુનિક ટેકનોલોજી અને સ્માર્ટ સિટીનો સુંદર સમન્વય છે. ગિફ્ટ સિટીના એમડી સંજય કૌલના નેજા હેઠળ યુવાનો, રોકાણકારો, ઉદ્યોગપતિઓ, ઔદ્યોગિક આગેવાનો, ઉત્પાદકો અને નિકાસકારોને ઘણા ફાયદા થઈ રહ્યા છે. દરેક વ્યવસાયકારનું લક્ષ્ય વૈશ્વિક સ્તરે આગળ વધવાનું હોય છે ત્યારે ગિફ્ટ સિટીમાં પોતાની ઓફિસ હોય તે દરેકનું સ્વપ્ન હોય છે. જે માટે દરેકને તનતોડ મહેનત કરવાની આવશ્યકતા છે. અર્જુન પાસે જ્ઞાન, કૌશલ્ય અને શક્તિશાળી ભાઈઓ હતા તેમ છતા તે રણભૂમિમાં નાસિપાસ થયો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે તેને સાચો માર્ગ બતાવ્યો હતો. તે જ રીતે સરકાર તેમજ ગિફ્ટ સીટી દ્વારા નવા ઉદ્યોગકારોને વૈશ્વિક સ્તરે આગળ લઈ જવા માટે માર્ગ બતાવ્યો છે તે સ્વિકારવું રહ્યું.

# ૧૫ થી ૩૫ વર્ષના SC-ST યુવાનો માટે વ્યક્તિત્વ વિકાસ શિબિર

**૧૧ જુલાઈ** સુધી અરજી સ્વીકારાશે; નેતૃત્વ, યોગ અને વ્યક્તિત્વ વિકાસ અંગે નિષ્ણાતો આપશે માર્ગદર્શન

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4

રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST)ના 15થી 35 વર્ષની વયના યુવક-યુવતીઓના સર્વાંગી વિકાસ માટે તાલુકા કક્ષાની વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત વડોદરા જિલ્લાના તમામ તાલુકાઓ તેમજ વડોદરા શહેરના વિવિધ ઝોનમાં જુલાઈ માસના અંતથી શિબિરો યોજાશે.

શિબિરનો મુખ્ય હેતુ યુવાનોમાં નેતૃત્વ ક્ષમતા, વ્યક્તિત્વ વિકાસ અને સામાજિક જવાબદારીની ભાવના વિકસાવવાનો છે. તાલીમ દરમિયાન પંચાયતી રાજ વ્યવસ્થાની જાણકારી, નેતૃત્વના ગુણો, સામાજિક દુષણો સામે જાગૃતિ, રાષ્ટ્રીય એકતા તેમજ યુવાનોની શક્તિને રચનાત્મક દિશા આપવા અંગે નિષ્ણાતો માર્ગદર્શન આપશે. ઉપરાંત યોગ શિક્ષકો દ્વારા વિવિધ યોગાસનોની તાલીમ આપવામાં આવશે, જેના દ્વારા શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ પર ભાર મૂકવામાં આવશે.

શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક વડોદરા જિલ્લા અને શહેરના અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના યુવક-યુવતીઓએ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ફૂડ એન્ડ ડ્રગ્સ લેબોરેટરી (જૂની બિલ્ડિંગ), ગ્રાઉન્ડ ફ્લોર, પોલિટેકનિકની બાજુ, મેઈન રોડ, વડોદરાથી નિયત અરજીપત્રક મેળવી જરૂરી દસ્તાવેજો સાથે **11 જુલાઈ, 2026** સુધીમાં જમા કરાવવાનું રહેશે. જિલ્લા યુવા વિકાસ અધિકારીએ વધુમાં જણાવ્યું છે કે સમયમર્યાદા બાદ મળતી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં, તેથી રસ ધરાવતા યુવાનોને સમયસર અરજી કરવાની અપીલ કરવામાં આવી છે.

## ઉમા વિદ્યાલય તરસાલી ખાતેથી મતદાતા જાગૃતિ અભિયાન

(પ્રતિનિધિ) વડોદરા,તા.૪

વડોદરા જિલ્લામાં સમાવિષ્ટ માંજલપુર વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. વિધાનસભા પેટાચૂટણી અંતર્ગત મતદારોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા તથા મતદાનની ટકાવારીમાં વધારો કરવા માટે SVEEP પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમા આજરોજ ઉમા વિદ્યાલય, સોમનાથ નગર, તરસાલી ખાતે મતદાતા જાગૃતિ અભિયાન કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ઉમા વિદ્યાલયમાં ખાતે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના SVEEPના નોડલ અને શિક્ષણ નિરીક્ષક શ્રી ભરત સલાટ દ્વારા બાળકોને મતદાનના મહત્વ અંગે અવગત કરી તેઓના વાલીઓ અને આસપડોશના રહેવાસીઓને આ અંગે જાણકારી આપવા જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યાશ્રી ભાવના ચાવડા તથા અને શિક્ષકો સહભાગી થયા હતા.

**માત્ર બે કલાકના ધોધમાર વરસાદે બે ફળિયાને બનાવ્યા બેટ; 150 લોકોને ખસેડાયા**

# ભરૂચ: વાલિયા તાલુકાના સીલુડી ગામમાં ઐતિહાસિક પૂર, ૮૬ ઘરોમાં પાણી ઘૂસ્યાં

**ત્રણેય** તરફથી પાણી ઘૂસતાં ઘરવખરીને ભારે નુકસાન, 1994 જેવી સ્થિતિની સ્થાનિકોને યાદ આવી



(પ્રતિનિધિ) ભરૂચ, તા. 4

ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના સીલુડી ગામમાં શુક્રવારે માત્ર બે કલાકમાં પડેલા ધોધમાર વરસાદે ઐતિહાસિક પૂર જેવી સ્થિતિ સર્જી હતી. ગામના ઈતિહાસમાં પ્રથમ વખત ઈન્દિરા આવાસ અને મોટા ફળિયા સંપૂર્ણપણે પાણીમાં ઘેરાઈ જતાં બેટ જેવી સ્થિતિ સર્જાઈ હતી. પૂરનાં પાણી 86 ઘરોમાં ઘૂસી જતાં ઘરવખરીને ભારે નુકસાન થયું હતું, જ્યારે ત્રણ મકાનોની દીવાલો ધરાશાયી થઈ ગઈ હતી. જોકે, સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી.

સીલુડી ગામની આસપાસ નદી ન હોવા છતાં ઉપરવાસમાંથી આવેલા પાણી, વટારિયા ગામની સીમમાંથી વહેતા પ્રવાહ, ઓવરફ્લો થયેલા ચેકડેમ અને સરદાર તળાવ સાથે જોડાયેલી કેનાલમાં આવેલા ધોવાણને કારણે ત્રણેય તરફથી પાણી ગામમાં ઘૂસી આવ્યું હતું. પરિણામે સમગ્ર ગામમાં જળબંબાકાર સર્જાયો હતો.

ઘટનાની જાણ થતાં જ તલાટી-કમ-મંત્રી હાર્દિક વસાવા સહિત તંત્રની ટીમ સ્થળે પહોંચી હતી. અસરગ્રસ્તોને સુરક્ષિત સ્થળે ખસેડવા માટે પ્રાથમિક શાળામાં સ્થળાંતર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું હતું, જ્યાં 150 લોકોને આશ્રય અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. લગભગ ત્રણ કલાક બાદ પાણી ઉતરી ગયું, પરંતુ ત્યાં સુધીમાં મોટું નુકસાન થઈ ચૂક્યું હતું.

જિલ્લા પ્લાનિંગ ઓફિસર, વાલિયા મામલતદાર સહિતના અધિકારીઓએ સ્થળની મુલાકાત લઈને નુકસાનનો સર્વે હાથ ધર્યો છે. પ્રાથમિક અહેવાલ મુજબ 86 ઘરોને નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે.

# ૨૨ જુલાઈએ તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

**10 જુલાઈ** સુધી મામલતદાર કચેરીમાં અરજીઓ સ્વીકારાશે

**તાલુકા** કક્ષાએ નાગરિકોના પ્રશ્નોના ઝડપી અને ન્યાયસંગત નિરાકરણ પર ભાર

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4

મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમ અંતર્ગત વડોદરા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' 22 જુલાઈ, 2026ના રોજ સવારે 11 વાગ્યે યોજાશે. તાલુકા કક્ષાએ નાગરિકોના પ્રશ્નોનું ઝડપી, પારદર્શક અને ન્યાયસંગત નિરાકરણ લાવવાના હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમ અંતર્ગત કરજણ તાલુકામાં તાલુકા સ્વાગત કાર્યક્રમ કલેક્ટરની અધ્યક્ષતામાં, વડોદરા તાલુકામાં જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં તેમજ સિનોર તાલુકામાં ગ્રામ્ય પોલીસ અધિક્ષકની અધ્યક્ષતામાં યોજાશે. કાર્યક્રમ દરમિયાન તાલુકા સ્વાગત લાયઝન અધિકારીઓ પણ હાજર રહેશે અને અરજદારોના પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે. સંબંધિત તાલુકાના નાગરિકોએ સેવાકીય, કોર્ટ કેસ, રહેમરાહે નોકરી અને પેન્શન સિવાયના પ્રશ્નો લેખિતમાં રજૂ કરવાના રહેશે. અરજીઓ પર 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' એવો સ્પષ્ટ મથાળો લખી 10 જુલાઈ, 2026 સુધીમાં સંબંધિત તાલુકાના મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની કચેરીમાં રૂબરૂ જમા કરાવવાની રહેશે.

જિલ્લા તંત્રએ જણાવ્યું છે કે નિર્ધારિત સમયમર્યાદા સુધીમાં મળેલી અરજીઓનો જ જુલાઈ માસના તાલુકા સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે. કાર્યક્રમનો મુખ્ય હેતુ નાગરિકોની ફરિયાદોનું સ્થાનિક સ્તરે જ ઝડપી નિરાકરણ લાવી લોકોને ઉચ્ચ કક્ષાએ ધક્કા ખાવા ન પડે તે સુનિશ્ચિત કરવાનો છે, તેમ નિવાસી અધિક કલેક્ટરની અખબારી યાદીમાં જણાવાયું છે.

**કાલોલમાં બ્લેક ફિલ્મવાળા વાહનો સામે પોલીસની ખાસ ઝુંબેશ**

# એમ.જી.એસ. ચોકડી ખાતે ચેકિંગ દરમિયાન સ્થળ પર જ કાળા કાચની ફિલ્મ ખસેડાઈ

**નિયમભંગ** કરનારા વાહનચાલકો સામે દંડાત્મક કાર્યવાહી; ટ્રાફિક નિયમોના પાલન માટે કડક સંદેશ

(પ્રતિનિધિ) કાલોલ, તા. 4

ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ કાલોલ પોલીસે ટ્રાફિક નિયમોના પાલન અને સુરક્ષાને ધ્યાનમાં રાખી બ્લેક ફિલ્મ લગાવેલા વાહનો સામે વિશેષ ઝુંબેશ હાથ ધરી હતી. શહેરના વ્યસ્ત એમ.જી.એસ. ચોકડી વિસ્તારમાં પોલીસ દ્વારા સઘન વાહન ચેકિંગ કરવામાં આવ્યું હતું.

ડ્રાઈવ દરમિયાન પ્રતિબંધિત કાળી ફિલ્મ લગાવેલા ચાર પૈડાવાળા વાહનોને અટકાવી તેમના કાચ પરથી સ્થળ પર જ બ્લેક ફિલ્મ દૂર કરાવવામાં આવી હતી. ઉપરાંત ટ્રાફિક નિયમોનો ભંગ કરનારા વાહનચાલકો સામે કાયદેસરની દંડાત્મક કાર્યવાહી પણ કરવામાં આવી હતી. પોલીસની અચાનક કાર્યવાહીના કારણે બ્લેક ફિલ્મ લગાવીને ફરતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો હતો. સ્થાનિક નાગરિકોએ પણ પોલીસની આ કાર્યવાહીનું સ્વાગત કર્યું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ માર્ગ સલામતી અને ટ્રાફિક નિયમોના કડક અમલ માટે આગામી દિવસોમાં પણ આવી વિશેષ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે, જેથી નિયમભંગ કરતા વાહનચાલકો સામે કડક કાર્યવાહી થઈ શકે.



# લેબર કોન્ટ્રાક્ટરના ખાતામાંથી ૫.૨૦ લાખની સાયબર ઠગાઈ

**માત્ર** પોણા ત્રણ કલાકમાં ૨૧ UPI ટ્રાન્ઝેક્શન, OTP વિના જ રકમ ઉપડી ગઈ

**રૂ. ૨.૧૦ લાખ** રિફંડ થયા બાદ ભરૂચ સાયબર ક્રાઈમે IT એક્ટ હેઠળ ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 4

ભરૂચના અયોધ્યાનગર વિસ્તારમાં રહેતા લેબર કોન્ટ્રાક્ટર સાથે રૂ. 5.20 લાખથી વધુની સાયબર ઠગાઈનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. અજાણ્યા સાયબર ઠગોએ તેમના બેંક ખાતામાંથી માત્ર પોણા ત્રણ કલાકમાં UPI મારફતે કુલ રૂ. 7,31,497ની રકમ ઉપાડી લીધી હતી. બાદમાં રૂ. 2,10,992 રિફંડ થતાં અંતે રૂ. 5,20,505ની છેતરપિંડી થઈ હોવાનું બહાર આવ્યું છે.

અયોધ્યાનગર વોટર પ્લાન્ટ નજીક રહેતા 48 વર્ષીય હિતેનકુમાર મનહરલાલ સિદ્ધપુરા લેબર કોન્ટ્રાક્ટર તરીકે કામ કરે છે. તેમનું ગુજરાત ગ્રામીણ બેંકની શક્તિનાથ સર્કલ શાખામાં સેવિંગ એકાઉન્ટ અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મુક્તિનગર શાખામાં કરન્ટ એકાઉન્ટ છે. 16 મે, 2026ના રોજ સવારે 5થી 7:45 વાગ્યાની વચ્ચે તેમના ગુજરાત ગ્રામીણ બેંકના ખાતામાંથી કુલ 21 UPI ટ્રાન્ઝેક્શન થયા હતા. આશ્ચર્યજનક રીતે આ તમામ વ્યવહારો દરમિયાન તેમના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર કે ઈ-મેઈલ પર એક પણ OTP પ્રાપ્ત થયો નહોતો.

બાદમાં 12 જૂનના રોજ તેમના ખાતામાં રૂ. 2,10,992 પરત જમા થયા હતા, પરંતુ બાકીની રકમ પરત મળી નહોતી. આ અંગે તેમણે 1930 સાયબર હેલ્પલાઈન પર ઓનલાઈન ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસે અજાણ્યા આરોપી સામે IT એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસે ટ્રાન્ઝેક્શનની વિગતો, રકમ ટ્રાન્સફર થયેલા ખાતાઓ અને આરોપીઓ સુધી પહોંચવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

**ચોમાસાની શરૂઆતમાં જ ગંભીર વીજ સમસ્યાથી ત્રાહિમામ**

# ચાર છાંટા વરસાદે જ સણસોલીમાં વીજ પુરવઠો ખોરવાયો, ગ્રામજનોમાં રોષ

વારંવાર ફરિયાદ છતાં MGVCLની કાર્યવાહી નહીં, 20 દિવસથી ફોલ્ટ યથાવત્ હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) કાલોલ તા. 4

કાલોલ તાલુકાના સણસોલી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં સામાન્ય વરસાદ પડતાં જ વારંવાર વીજ પુરવઠો ખોરવાતો હોવાના કારણે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ માત્ર ચાર છાંટા વરસાદ પડતાં જ લાઈટ ડૂલ થવા લાગે છે. આ સમસ્યાને લઈને અનેક વખત રજૂઆત કરવા છતાં કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી.

ગ્રામજનોએ જણાવ્યું કે લગભગ 20 દિવસ પહેલાં નોંધાવાયેલી ફરિયાદ (કમ્પ્લેન નંબર-1680)નો હજુ સુધી નિકાલ કરવામાં આવ્યો નથી. ઉપરાંત



ગત રાત્રે પણ ગામના જાગૃત નાગરિક દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જેને કમ્પ્લેન નંબર-506 આપવામાં આવ્યો હતો. તેમ છતાં કોઈ જવાબદાર કર્મચારી સ્થળ પર પહોંચી ફોલ્ટ દૂર કરવા આવ્યો ન હોવાનું સ્થાનિકોનો આક્ષેપ છે. ફરિયાદ અંગે ફોન કરતાં માત્ર ફરિયાદ નોંધાઈ હોવાનું જણાવાય છે, પરંતુ મરામત કામગીરી થતી નથી.

ગ્રામજનોનું કહેવું છે કે હજુ તો ચોમાસાની શરૂઆત થઈ છે. જો હાલ આવી સ્થિતિ હોય તો આગામી દિવસોમાં ભારે વરસાદ દરમિયાન વીજ પુરવઠાની સ્થિતિ વધુ ખરાબ બનવાની ભીતિ છે. સ્થાનિક જાગૃત નાગરિક ગીરવતસિંહ રાઠોડે કાલોલ MGVCLને વારંવાર ફોલ્ટ થતી જગ્યાઓનું કાયમી સમારકામ કરવા, રાત્રિના સમયે પૂરતો સ્ટાફ તૈનાત રાખવા તેમજ ગ્રાહકોના ફોનનો તાત્કાલિક પ્રતિસાદ મળે તેવી વ્યવસ્થા કરવાની માંગ કરી છે.

# તાંદલજામાં GEBની કામગીરી બાદ રોડ કિનારે જોખમી ભૂવો



**શિફા** કોમ્પ્લેક્સ નજીક માર્ગ બેસી જતાં અકસ્માતની આશંકા વધી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4

વડોદરાના તાંદલજા વિસ્તારમાં સીફા કોમ્પ્લેક્સ નજીક GEBની કામગીરી બાદ મેન રોડની બાજુમાં જોખમી ભૂવો પડતાં વાહનચાલકો અને રાહદારીઓમાં ચિંતા ફેલાઈ છે. વ્યસ્ત માર્ગ પર સર્જાયેલી આ સ્થિતિને કારણે ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ GEB દ્વારા ભૂગર્ભ કામગીરી પૂર્ણ કર્યા બાદ સ્થળનું યોગ્ય રીતે સમારકામ કરવામાં આવ્યું નહોતું. પરિણામે રોડની સાઈડ ધસી જતાં મોટો ભૂવો પડી ગયો છે. આ માર્ગ પરથી દિવસભર ભારે વાહનવ્યવહાર રહેતો હોવાથી ખાસ કરીને રાત્રિના સમયે બે-વ્હીલર ચાલકો માટે જોખમ વધી ગયું છે. રહેવાસીઓએ આક્ષેપ કર્યો છે કે અનેક વખત આવી બેદરકારીના કારણે શહેરમાં અકસ્માતો સર્જાતા હોવા છતાં જવાબદાર વિભાગો સમયસર કાર્યવાહી કરતા નથી. સ્થાનિકોએ GEB અને સંબંધિત તંત્રને તાત્કાલિક ભૂવો ભરી માર્ગને સુરક્ષિત બનાવવા તેમજ કાયમી સમારકામ કરવાની માંગ કરી છે. લોકોનું કહેવું છે કે કોઈ ગંભીર દુર્ઘટના સર્જાય તે પહેલાં જ તંત્રએ જરૂરી પગલાં ભરવા જોઈએ.

**વરસાદી પાણી ફરી વળતાં સુરત-અમદાવાદ માર્ગ પર ટ્રાફિક ઠપ, વાહનોની લાંબી કતારો**

# આમલાખાડી ડાઈવર્ઝન બંધ : ગુજરાતમિત્રની ચેતવણીને બે મહિના થયાં, NHAIની બેદરકારી

**પ્રજાની** હાલાકી વચ્ચે જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહીની માંગ

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 4

ચોમાસાના માત્ર ચોથા દિવસે ધોધમાર વરસાદ બાદ અંકલેશ્વર-હાંસોટ રોડ પર આમલાખાડી નીચે બનેલો ડાઈવર્ઝન વાહનવ્યવહાર માટે બંધ કરવાની નોબત આવી છે. આ અગાઉ ગુજરાતમિત્રે ગત એપ્રિલ-2026 'આમલાખાડી નવો બ્રિજ ન બને તો ટ્રાફિકનો વેધક પ્રશ્ન' શીર્ષક હેઠળ આ ડાઈવર્ઝનમાં પાણી ભરાઈ જવાની દહેશત વ્યક્ત કરી હતી, પરંતુ NHAIના કથિત અધિકારીઓએ આ મુદ્દે ગંભીરતા દાખવી ન હતી.

અંકલેશ્વરમાં શુક્રવારે ઝીરો વિઝીબીલીટી વચ્ચે ભારે વરસાદ થતાં જ આમલાખાડી ડાઈવર્ઝન ઉપર પાણી ફરી વળ્યું હતું. ડાઈવર્ઝનમાં નાના ભૂંગળા નાખવામાં આવ્યા હોવાથી પાણીની નિકાસ યોગ્ય રીતે ન થઈ શકી. પરિણામે સુરત-અમદાવાદ વચ્ચે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો અને અંકલેશ્વરથી હાંસોટ થઈ સુરત તરફ જતાં વાહનોની લાંબી કતારો ઉભી થઈ. આ માર્ગ પર દૈનિક 1.5 લાખથી વધુ PCU ટ્રાફિક હોય છે અને વરસાદી મોસમમાં સપાટીને થતા નુકસાનની આ સમસ્યા વાર્ષિક બની રહે છે.

નોંધપાત્ર છે કે, ગત-એપ્રિલ-2026ના રોજ ગુજરાતમિત્રે



તેના અહેવાલમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, 'ડાઈવર્ઝનમાં નાના ભૂંગળા નાખેલા હોવાથી આમલાખાડી બે કાંઠે આવે તો ડાઈવર્ઝન ઉપર પાણી ફરી વળશે'. અધિકારીઓ આ ગંભીર મામલાથી વાકેફ હતા છતાં બે મહિનામાં કોઈ નિર્ણાયક પગલાં ભરવામાં ન આવ્યાં. હાંસોટ વિસ્તારના લોકોએ પંદરેક દિવસ અગાઉ મંત્રી ઈશ્વરસિંહ પટેલને આ મુદ્દે જાણ કરી હતી અને તેમણે પણ આ તંત્રને કડક રીતે ધ્યાન દોર્યું હતું. છતાં તંત્રની મનમાની સામે કોઈ કાર્યવાહી થઈ નહીં. અધિકારીઓની આડોડાઈ અને અહંકારના કારણે કોઈ કાર્યવાહી થઈ ન હોવાથી આ સમસ્યા વાર્ષિક બની ગઈ છે. રોજિંદા મુસાફરી કરતા લોકો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાય છે. અંકલેશ્વર-દહેજ ઔદ્યોગિક વિસ્તારમાં જતા-આવતા લોકોને સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

# સીબી ગર્લ્સ હાઈસ્કુલ ખાતે છત્રી બનાવવાની સ્પર્ધા યોજાઈ

કાલોલ : શ્રી કાલોલ કેળવણી પ્રસારક મંડળ સંચાલિત શ્રીમતી સી.બી. ગર્લ્સ હાઈસ્કૂલ, કાલોલ [પ્રાથમિક વિભાગ].માં શનિવારના રોજ ધો. ૬ થી ૮ ની વિદ્યાર્થીનીઓ માટે છત્રી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાનો હેતુ વિદ્યાર્થીનીઓમાં સર્જનાત્મકતા, કલાત્મક કૌશલ્ય અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવવાનો હતો. ભાગ લીધેલ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક પોતાની કલ્પનાશક્તિનો ઉત્તમ પરિચય આપ્યો.




DGVCL

**દક્ષીણ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
CINU40102GJ2003SGC042909
ભરૂચ ગ્રામ્ય વિભાગીય કચેરી
મકતમપુર, ઝાડેશ્વર રોડ, ભરૂચ - ૩૯૨૦૧૨
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં :- ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩, ૧૯૧૨૩

DGVCL

**વીજપુરવઠો બંધ રેહવા**

આથી અમારા વાગરા સબ-ડિવિઝનના માનનીય વીજ ગ્રાહકો તેમજ જાહેર જનતાને જણાવવાનું કે નીચે દર્શાવેલ ૬૬ કે.વી. સબ-સ્ટેશનો ખાતે અગત્યની જાળવણી તથા સમારકામની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી તેમાંથી વીજ પુરવઠો મેળવતા નીચે દર્શાવેલ ફીડરોના તમામ ગ્રાહકોને દર્શાવેલ તારીખ અને સમય દરમિયાન વીજ પુરવઠો મળી શકશે નહીં. કામગીરી પૂર્ણ થયા બાદ કોઈપણ પ્રકારની આગોતરી જાણ કર્યા વિના વીજ પુરવઠો પુનઃ શરૂ કરવામાં આવશે. તેથી જાહેર જનતાએ આ અંગે ખાસ નોંધ લેવા વિનંતી.

| ક્રમ | સબ સ્ટેશન | ફીડર | સબ-ડીવીઝન | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. મૂલેર | ૧૧ કે.વી. ઓછણ | વાગરા | ૮૯૮૦૮૦૩૯૨૦ | ૦૭-૦૭-૨૦૨૬ / મંગળવાર | સવારે ૦૯:૦૦ થી સાંજે ૦૬:૦૦ |

**નોંધ:** સમારકામની કામગીરી દરમિયાન વીજ પુરવઠો નિર્ધારિત સમયગાળા કરતાં વહેલો અથવા મોડો ચાલુ થઈ શકે છે.
**સલામતી માટે અપીલ :** એમ.સી.બી., ઈ.એલ.સી.બી. તથા આર.સી.સી.બી. જેવા સુરક્ષા ઉપકરણોનો ઉપયોગ કરી વીજ આંચકાથી બચો અને વીજ અકસ્માતો નિવારો.